મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ભા-જાંબુડિયા ખાતે મંજૂર થયેલ સરકારી માધ્યમિક શાળાને અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના સીંગરવા મુકામે તબદીલ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૧૮-૮૬-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૧/૦૬/૨૦૧૯

વંચાણે લીધા -:

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૪/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૧૮-૮૬-ગ.૧

(૨) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૭/૦૫/૨૦૧૯નો પત્રક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/૨૦૧૯/૧૩૭૪૪.

ઠરાવ -:

શિક્ષણ વિભાગના ક્રમાંક (૧) સામે વંચાણે લીધેલ તારીખ ૧૪/૦૮/૨૦૧૮ ના ઠરાવથી રાજ્યમાં બિન આદિજાતિ વિસ્તારની ૮૬ અને આદિજાતિ વિસ્તારની ૧૭ એમ કુલ-૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. કમિશનરશ્રી, શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૨) સામે દર્શાવેલ તારીખ ૧૭/૦૫/૨૦૧૯ના પત્રથી વિભાગના તારીખ ૧૪/૦૮/૨૦૧૮ના ઠરાવથી મંજૂર થયેલ શાળાઓ પૈકી વિદ્યાર્થી સંખ્યાના અભાવે શાળા શરૂ થઇ શકી ન હોય તેવી શાળાઓ પૈકીની કોઇ એક સરકારી માધ્યમિક શાળાને અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના સીંગરવા મુકામે તબદીલ કરવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના બિન આદિજાતિ વિસ્તારની શાળાઓના ક્રમ-૬૮થી મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ભા-જાંબુડિયા ખાતે સરકારી માધ્યમિક શાળા શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. ભા-જાંબુડિયા ગામ ખાતે શરૂ કરવામાં આવેલ સરકારી માધ્યમિક શાળામાં વિધાર્થી સંખ્યા ન મળવાના કારણોસર સદર શાળા ચાલુ થઇ શકેલ નથી.

આથી, પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૧૪/૦૮/૨૦૧૮ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના બિન આદિજાતિ વિસ્તારની શાળાઓના ક્રમ-૬૮થી મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ભા-જાંબુડિયા ખાતે મંજૂર કરવામાં આવેલ શાળાને તબદીલ કરીને અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના સીંગરવા મુકામે શરૂ કરવાની મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી(શિક્ષણ)ની તારીખ ૦૩/૦૬/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.એસ. પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ, ઉર્જા, વૈધાનિક અને સંસદીય બાબતો, કાયદો અને ન્યાયતંત્ર)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા. અને મા.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી/સિલેક્ટ ફાઈલ.